dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન

Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY

This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org

February 2012 For private circulation only Vol. 04 - Issue 75

રવીન્દ્રનાથની પ્રતિભા જેટલી સ્વતંત્ર છે તેટલી જ તે આર્યસંસ્કૃતિનું પરિપકવ ફળ પણ છે. ભાસ અને કાલિદાસનો આ કવિ વારસ છે. ભારતના સંત કવિની સરસ્વતીનું એણે આકંઠ પાન કર્યું છે. પ્રથમ દેશભકિત અને પછી માનવતા ભકિતનો વિકાસ પણ એમણે જ સાધ્યો છે.

કાકાસાહેબ કાલેલકર

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

જનગણમન-અધિનાયક ! જય હે ભારત ભાગ્યવિધાતા !
પંજાબ સિંધુ ગુજરાત મરાઠા, દ્રાવિડ ઉત્કલ બંગ;
વિન્ધ્ય હિમાચલ યમુના ગંગા, ઉચ્છલ-જલધિત રંગ
તવ શુભ નામે જાગે,
તવ શુભ આશિષ માગે;
ગાહે તવ જય ગાથા !
જનગણ મંગલદાયક જય હે ! ભારત ભાગ્ય-વિધાતા !
જય હે ! જય હે ! જય હે !
જય જય જય જય હે !

આપણા ભારતનું આ રાષ્ટ્રગીત છે. આપણા આ રાષ્ટ્રગીતના રચયિતા છે કવિવર રવીન્દ્રનાથ ટાગોર. એમના નામ આગળ બે જ શબ્દો શોભે. ગુરુદેવ અથવા કવિવર. સ્વરાજના પહેલા ચોઘડિયે આપણી લોકસભામાં એ ગવાયું ને દેશમાં ઠેર ઠેર, ઘેર ઘેર એ પહોંચ્યું - એ સાથે જ એક નવું જોમ, નવો ઉત્સાહ વ્યાપી ગયો. સાંભળતાં જ આપણા હૃદયના તાર ઝંકૃત થઈ ઊઠે છે. રાષ્ટ્રભાવના પ્રબળ થઈ ઊઠે છે. વ્યાસ, વાલ્મીકી અને કાલિદાસની બાજુમાં એમને આસન આપવું પડે. ૭-૫-૧૮૬૧માં જન્મેલા રવીન્દ્રનાથ કેવળ ભારતના જ નહિ પરંતુ વિશ્વના મહાન કવિઓમાં સ્થાન પામ્યા છે. પ્રકૃતિ અને મનુષ્યની અવિચ્છેદ્ય એકતાની કાવ્યસ્વરૂપ આપનાર આ કવિના કાવ્યગ્રંથ 'ગીતાંજલિ'ને સ્વિડિશ અકાદમીએ નોબલ પારિતોષિક આપ્યું. વિશ્વના ઉત્તમોત્તમ પુસ્તક રચનારને અપાતું આ પારિતોષિક પહેલીવાર કોઈ ભારતીય શબ્દ આરાધકને પ્રાપ્ત થયું હતું ૧૯૧૩માં. ચારે તરફથી કવિને અભિનંદન આપવામાં આવ્યા. કલકત્તાથી સ્પેશ્યલ ટ્રેન લઈને રવીન્દ્રનાથને સન્માનવા લોકો દોડી ગયા. ઈનામમાં પ્રાપ્ત થયેલી સવા લાખની માતબર રકમ કવિએ શાંતિનિકેતન આશ્રમમાં ભેટ ધરી દીધી. આ મહાપુરુષની વિનમ્રતા અને ઉચ્ચવિચારો વાંચો : ''મારી કીર્તિનો હું વિશ્વાસ કરતો નથી. હું જાણું છું કે કાલસિંધુ તેને સતત તરંગોના આઘાતથી રોજ રોજ લુપ્ત કરી નાખશે. મારો વિશ્વાસ મારા પોતા ઉપર છે. બંને વેળા તે જ પાત્ર ભરીને આ વિશ્વની અમર સુધા મેં પીધી છે. પ્રત્યેક ક્ષણનો પ્રેમ તેમાં સંચિત થયો છે. દુ:ખભારે તેને ભાંગી નથી નાખ્યું, ધૂળે તેના શિલ્પને કાળું નથી કરી નાખ્યું. હું જાણું છું કે જયારે હું સંસારની રંગભૂમિ છોડીને જઈશ ત્યારે પુષ્પવન ઋતુએ ઋતુએ એ વાતની સાક્ષી પૂરશે કે આ વિશ્વ ઉપર મેં પ્રેમ કર્યો છે. એ પ્રેમ જ સત્ય છે, આ જન્મનું દાન છે. વિદાય લેતી વખતે એ સત્ય અમ્લાન રહીને મૃત્યુનો અસ્વીકાર કરશે.''

સર્વતોમુખી પ્રતિભા ધરાવનાર રવીન્દ્રનાથે કવિતા, નાટક, નવલકથા, ટૂંકીવાર્તા, નિબંધ, પ્રવાસ ઈત્યાદિ સાહિત્ય સ્વરૂપોમાં સર્જન કર્યું છે. સંગીત અને ચિત્રમાં પણ તેમણે સર્જન કર્યું છે. સ્વીન્દ્રનાથ માનવધર્મી હતા. તેમણે એક ઠેકાણે લખ્યું છે : ''મને લાગ્યું કે અંતે મને મારો ધર્મ, માનવધર્મ જડી ગયો હતો.''

કેળવણી વિશે ટાગોરનું ચિંતન ગાંઠે બાંધવા જેવું મને લાગ્યું છે. વિદ્યાલયોમાં, કેવળ વિદ્યાનો સંચય જ નહિ, વિદ્યાનું ગૌરવ પ્રતિષ્ઠિત થવું જોઈએ એમ ભારપૂર્વક કહેતા ટાગોર લખે છે :

''આપણામાંના ઘણા જેટલા પ્રમાણમાં શિક્ષણ પામીએ છીએ તેટલા પ્રમાણમાં વિદ્યા પામતા નથી. ચારે બાજુના વાતાવરણથી એ વિદ્યા અલગ પડી ગયેલી છે; આપણા ઘર અને નિશાળ વચ્ચે ટ્રામ ચાલે છે, મન ચાલતું નથી. નિશાળની બહાર આપણો આખો દેશ પડેલો છે. તે દેશ અને સ્કૂલ વચ્ચે વિરોધ પુષ્કળ છે, સહકાર નથી કહીએ તોય ચાલે. એ વિચ્છેદને કારણે આપણી ભાષા અને ચિંતન મોટે ભાગે નિશાળના છોકરા જેવાં જ છે. આપણા ઉપરથી નોટનું શાસન દૂર થતું જ નથી, આપણી વિચારબુદ્ધિમાં હિંમત નથીઃ એ કેવળ આંકેલી રેખા ઉપર અત્યંત સાવધાનીપૂર્વક પગ મૂકી મૂકીને ચાલે છે. શિક્ષણની સાથે દેશના મનનું સ્વાભાવિક મિલન સાધવાનો પ્રયાસ હજી સુધી થયો નથી. જાણે કન્યા બાપને ઘેર અંતઃપુરમાં પડી રહી છે; સાસરું નદીને પેલે કાંઠે રેતીના ભાઠાની પાર આવેલું છે. સામે પાર જવાની હોડી કયાં છે ?''

રવીન્દ્રનાથના શબ્દવૈભવને, વિચારવૈભવને આપણે માત્ર માણીએ જ નહિ; જીવનમાં આત્મસાત્ પણ કરીએ. આપણી પાસે આવેલા વિદ્યાર્થીને જીવનનૌકા પાર કરવા માટે હોડી અને હલેસાં આપણે આપીએ અને સામે પાર જરૂર પહોંચાશે એવી હૈયે હામ પણ આપીએ. શિક્ષક તરીકે શું આપણો આ ધર્મ નથી ? ગુરુદેવ ટાગોરની સાર્ધ શતાબ્દી નિમિત્તે આપણે આવો સંકલ્પ કરીએ એ સમયની માંગ છે-જરૂરિયાત છે.

૧૫ ફેબ્રુઆરી, ૨૦૧૨

ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ

## International Seminar



A three-day International Seminar was organized on "Higher Education in the Year – 2020" by V.T. Choksi Sarvajanik College of Education, Surat in collaboration with the Department of Education, Veer Narmad South Gujarat University (VNSGU), Surat on 21-23 January, 2012 at VNSGU, Surat, Gujarat. It was organised with a view to address the crucial issues and concerns of Higher Education considering that it is high time for the stake-holders at all levels to restructure the various dimensions of the Higher Education System viz. Curriculum, Pedagogy and Evaluation for sustaining the quality as well as addressing the issues to compete internationally. The major objectives and Sub-themes of the Seminar were: **Objectives** :

- To address the issues and concerns related to Higher Education.
- To contribute to the Knowledge Society.
- To envisage futuristic perspective of Higher Education.
- To discuss and collaborate the intra-national and international model of Higher Education.
- To innovate the new techno-pedagogical instructional practices.

**Sub-Themes:**

- India Vision 2020 for Higher Education.
- Higher Education for Sustainable Development.
- Increasing GER (Gross Enrolment Ration) in Higher Education.
- ICT and Innovation in Higher Education.
- Marketing of Higher Education.
- Challenges in Higher Education.
- Women in Higher Education.
- Privatization in Higher Education.
- Globalization in Higher Education.

More than 500 participants including eminent Educationists, Teachers, Research Scholars and PG students came from Kenya, Thailand and Iran along with different states of India like Uttrakhand, Uttar Pradesh, Haryana, Punjab, Maharashtra, Gujarat, Madhya Pradesh, Rajasthan, Delhi, Daman In this International Seminar. In all, 240 papers were presented in 14 parallel sessions in English and 8 parallel sessions in Gujarati. The papers covered various issues and concerns of Higher Education under the various sub-themes of the Seminar.

In the inaugural function, Shri R.G.Shah, Chairman, Sarvajanik Education Society, Surat welcomed all the guests and delegates. Prof. Ummed Singh, Convener of the Seminar gave an overview regarding the seminar and highlighted the objectives of it. The key-note address was delivered by Dr. Manoj Soni, VC, Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad wherein he focussed on '212* Consciousness for Excellence -The Pandav Paradigm'. He considered the Pandavas and the attributes that they represent like Truth, Disciplined Vigour, Resources, Conservation and Wisdom. He emphasized on this by saying that this type of Paradigm, in fact, would lead to the sustainable excellence as an individual, an institution or nation. The Presidential address was delivered by Dr. Dakshesh Thakar,VC, VNSGU, Surat wherein he expressed his views about the Seminar and welcomed all the delegates. The function was attended by Prof. J.R.Mehta, Registrar, VNSGU, Surat, Prof. Motilal Sharma, (Retd.) Principal Education Specialist, Asian Development Bank, Prof. Montree, Burapha University, Thailand and Dr. V.G.Patel, Principal, V.T. Choksi Sarvajanik College of Education, Surat. Prof. N.Pradhan, Head, Department of Educational Administration, Faculty of Education & Psychology, The M.S.University of Baroda, Vadodara, made a presentation on 'Indian Higher Education : Policy Perspectives' and focussed on the need for Education for the Uncommon Common Man. The gap between what is, what will be and what it should be, also was highlighted and supported with the alarming data.

Prof. Kamlesh Misra, VC, AURO University, Surat shared his ideas on the changing scenario of Education and the Paradigm Shift by focussing on the role of the teacher, the methods of Teaching rather learning and the importance of the practical as well as experiential learning experiences.

Prof. Motilal Sharma, (Retd.) Principal Education Specialist, Asian Development Bank, stated that teacher education is the mother of all education. He underlined that nothing happens in education unless it first happens in the classroom. He shared his views on the changing scenario of Education and the role of teachers. The teachers need to play their various roles as Input Managers, Mangers, Participants in Policy-making and catalyst to connect the classroom with immediate society to ensure the quality of educational environment.

Prof. B.M. Naik, Former Principal, Shri Guru Govind Singhji Institute of Engineering and Technology, Nanded, and Education Advisor, Govt. of Maharashtra, made a presentation on 'India Desperately Needs Research-based Innovative World Class Universities and Colleges To Nurture Leaders For Tomorrow-How To Go About ?' and focused on the dire need for the education system, teachers, policy-makers to be innovative and pro-active to meet the challenges ahead. He, also, identified the strategies that contribute to make an institution world class like governance, academic, administrative, financial etc. Prof. Montree Yamkasikorn, Dean, Faculty of Education and Director, Thai Teachers TV, Burapha University, Thailand, shared his views on the Policies and Initiatives

of the Thai Government comprehensively. The important factor of policies and governance is that the Government is investing huge crunch of GDP for Education sector to rise the status of Education in the country.

Prof. D.R.Goel, Professor, CASE, The M.S.University of Baroda, Vadodara, talked on 'Higher Education in India : Emerging Scenario' wherein he emphasized the role of a university in moving from research to creation to construction. He advocated the Humanistic Approach of Governance rather than Bureaucratic Model of Governance.

Prof. M.N.Deshmukh, Senior Education Consultant and Ex-Professor, Department of Education, University of Mumbai, made a presentation on 'Education For Bright Tomorrow And Emerging Connected Society' wherein he focussed on the changing scenario of Education and the Role of Technology in it.

Prof. Hemlata Talesara, Director, Smt.K.B.Dave College of Education, Pilvai, Mehsana made a presentation on 'Indian Higher Education – 2020' and shared her views on the possible changes that can come in the field of Education with respect to the Curriculum, Methods of Teaching, the role of teachers and students and so on. She also emphasized the significance of enhancing and developing more skills for the teachers to be effective classroom practitioners.

Prof. Bhadrayu Vachrajani, Director, Academic Staff College, Rajkot, made a presentation on Indian Higher Education System by focussing on the current status of India in various fields. He, also, highlighted the challenges that India is facing now as well as will face in future and emphasized on the need to regularise the Higher Education System in general and PG courses in particular.

Dr. Sandhya Gihar, Himgiri Zee University, Dehradun talked on 'Quality Assurance in Teacher Education: A Challenge' wherein she focussed on the criteria for Quality Assurance and the role that the Teacher Education Institutions can play with reference to the mentioned criteria.

Dr. Girish Kazi, Cardiologist & Ex. Chairman of SES, Surat also shared his views on Indian Higher Education with a futuristic perspective. He also emphasized the need for the institutions to be well-equipped with a view to making students provide quality education.

The Panel Discussion on 'Teacher Education for Global Need' was also held wherein many issues and concerns regarding Teacher Education were addressed and pondered upon. The eminent academicians shared their ideas on the Changing Role of Teacher Education Institutions and Challenges that they face today and tomorrow. Even, the possible ways of overcoming these challenges were also discussed. The convener of the panel discussion was the Prof. Motilal Sharma and the other panellists were Dr.Mugambi, Kenya, Dr.Hemlata Talesara, Pilvai, Dr.Sandhya Gihar,Dehradun, Dr.Divya Sharma, Ganpat University and Dr.Manoj Saxena,Ambala.

Many fruitful recommendations were emerged in all the interactive sessions. Some of the important recommendations are:

- Use of ICT is an important factor which can enhance the quality in Teacher Education. So, the Use of ICT must be given due weightage in the curriculum of Teacher Education at various levels.
- Teacher should have 3 Ds in their personality i.e. Dedication, Dignity and Devotion.
- E-Learning should be used more in Higher education programmes.
- ICT competencies should be an essential part of the school curriculum, so that the students carry that knowledge when they go for their Higher Education.
- The administrative bodies should make practical contribution by taking decisions which contribute to the quality of Higher Education.
- Practical training in handling ICT gadgets should be given more emphasis in Teacher Education Institutions.
- The involvement of scientific and technical manpower is low in comparison to size and population of the country, so that the manpower need assessment should be made mandatory.
- Three prolonged strategies are required in Higher Education like revision of content material, technological advancement and education of doorsteps of the learner.
- Institutional autonomy should be engaged, competent effective board of governors should be there for an institution to cope with challenges and harvest global opportunities.
- Industry should take a long range view of the interaction with students.
- Cooperation in Higher and Teacher education among South Asian Countries should be initiated.
- Higher Education Institutions supported by one teacher education institution, should be identified which will collect and subsequently disseminate information on existing Higher Education in general and Teacher Education in particular.
- Quality of teacher education can be maintained by following the guidelines given by NAAC.
- More and more researches should be conducted in the field of teacher education.
- Higher education should provide sustainable development to the students in terms of knowledge, understanding, life skills etc.

In the valedictory function, Shri R.G.Shah, Chairman, Sarvajanik Education Society, Surat and Prof. Ummed Singh, Convener of the Seminar presented the overview and highlights of the Seminar with the recommendations emerged during the seminar. The Chief Guest – Shri C.R.Patil, Member of Parliament, addressed the delegates and expressed his ideas and feelings towards the success of the Seminar. The Presidential address was delivered by Prof. J.R.Mehta, Registrar, VNSGU, Surat wherein he expressed his views about the Seminar and the efforts put in by the Organizers. The Valedictory address was delivered by Dr.J.P.Gohil, Dean, Faculty of Education, VNSGU, Surat. The function ended with the Vote of Thanks presented by Dr. V.G.Patel, Principal, V.T. Choksi Sarvajanik College of Education, Surat




Overall, it has been realized that the theme - 'Higher Education in the Year – 2020' has been quite relevant and contemporary that needed to be pondered upon. The emerging voice of these three-day deliberations is – 'If India has to progress and be a developed nation, we have to increase GER, sustain the enrolment , strike the balance between public-private partnership, establish good quality standards vis-a-vis global standards, increase and promote girls for Higher Education, promote research in Universities and integrate meaningful and appropriate use of technology in Higher Education'.

## Paper

In December- 2011, one more research paper of Dr. M. G Timol, Professor, Department of Mathematics, VNSGU "Self-Similar Solutions for Unsteady Boundary Layer Equations of Pseudo-Plastic Conducting Fluid in a Transversal Magnetic Field", was presented at 77th Annual National of conference I.M.S., Dec. 27-30, 2011, School of Mathematical Sciences, S.R.T.M. University, Nanded, by his research co-worker Dr. V. S. Patil ( Assistant Professor, Dept of Chemical Engineering, North Maharashtra University, NMU, Jalgaon). In December-2011, Dr. M. G Timol, Professor, Department of Mathematics, has participated in An International Meet-56 1h Congress of Indian Society of Theoretical and Applied Mechanics (ISTAM), S.V. National Institute of Technology, 19-21 Dec.2011, Surat, with his research co-workers and his research co-workers have presented following 4 research papers in this conference. In January- 2012, following 2 research papers of Dr. M. G Timol, Professor, Department of Mathematics, were presented in National Seminar on Advances in Mathematics: Historical development and engineering Applications, M B Patel Woman Inst of Eng & Commu. Tech (MBICT), January 9-11, VV Nagar Anand Gujarat, by his research co-workers:

## Conference - Workshop

In November-2011, Dr. M. G Timol, Professor, Department of Mathematics, has participated in National Conference on "Mathematical Analysis 2011, which was organized by Department of Mathematics, JET's Z. B. Patil College, Deopur, Dhule (Maharashtra) from 28-30th November. In this conference Prof. Timol has chaired the Morning session of 30th November. In December-2011, Professor M.G. Timol, Dept of Mathematics, VNSGU, has participated in the UGC Assisted State Level Workshop on MATHEMATICA, Organized by Dept. of Math., V. S. Patel College of Arts & Science, Billimora, during 11-12 Dec.-2011 In December- 2011, Dr. M. G Timol, Professor, Department of Mathematics, has participated in 14th International conference-International Academy of Physical Sciences (CONIAPS-XIV) on Physical Sciences Interface with Humanity, S.V. National Institute of Technology, 22-24 Dec.201 1, Surat, with his research co-workers and his research co-workers have presented following 3 research papers in this conference.

## Ph.D.



યુનિવર્સિટીના નાયબ કુલસચિવશ્રી આર.સી. ખડિયાએ યુનિવર્સિટીના તુલનાત્મક સાહિત્યનાં પ્રોફેસર એન્ડ હેડ ડૉ. દમયંતીબેન પરમારના માર્ગદર્શન તળે "દલિતચેતના : એક વિષયવસ્તુલક્ષી તુલનાત્મક અભ્યાસ : 'મલક', 'જૂઠન', 'અનટચેબલ', 'બલુત', 'મઢી દા દીવા' અને 'કરૂથિ પુનલ' જેવી વિશિષ્ટ કૃતિઓના સંદર્ભમાં" શોધનિબંધ પ્રસ્તુત કરેલ. જેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતે માન્ય રાખી તા. ૨૦-૧-૨૦૧૧ના રોજ પીએચ.ડી. પદવી એનાયત કરેલ છે. અભિનંદન.

## National Seminar




G.H. Bhakta Management Academy-Department of Business and Industrial Management organized a UGC sponsored National Seminar on Health & Safety Management on 28th January 2012. About 125 delegates from industry (Mainly comprising of the Hazira belt companies such as ONGC, Essar, RIL, L&T; & Garden Vareli) and academia participated in this seminar. Students pursuing their studies in general management and safety management also participated. Several eminent speakers from the field of Health & Safety management addressed the audience. The seminar was divided into five sessions which comprehensively covered all the major aspects of the subject at hand. Dr. K.U. Mistry (Chairman-Gujarat Pollution Control Board) chaired the function and delivered the keynote address. Dr. Renuka Garg (Head of Department-G.H. Bhakta Management Academy-Department of Business & Industrial Management) gave a warm welcome to the guests & the audience Prof. J.R. Mehta (Registrar-Veer Narmad South Gujarat University), special guests-Mr. Rajendra Chokhawala (former President of Southern Gujarat Chamber of Commerce & Industry) and Dr. Satendra Kumar (former Head of Department-DBIM) graced the occasion.

The first technical session was delivered by Dr. K.U Mistry. He started his talk with the basic definitions of safety and health and gradually built up on the principles of risk and hazard clearly differentiating both the concepts. He said that Industrial Safety includes accident

prevention, industrial health and hygiene and environmental protection. He also covered the procedure for hazard and risk management. The second technical session was addressed by Mr. Rajeshkumar Mishra (Senior Manager Health, Safety, Fire & Environment Department, RIL, Hazira). His session was on Health and safety management system in process industry. He gave the practical example of RIL's initiatives on health and safety measures. Mr. Nilay Vyas (HSE Manager-Hazira LNG Pvt. Ltd.) conducted the third session on "MIS for safety and health." Mr. Vyas talked about the importance of MIS in the area of industrial health and safety and laid special emphasis on measurement and management of hazards or risks. Mr. Atik Desai(G.M.-Manufacturing L&T) conducted his session on the topic of International Safety Standards OSHSAS-18001:2007, British 5 star Safety Management Evaluation Models like the Dupont Model. According to him 40-50% of accidents happen due to the behavior of employees in an organization. He explained the benefits of having standards which helped in reducing cost and increasing stakeholders confidence. This, he said, could be achieved through increased involvement of people and improved morale of employees.

The last session of the day was conducted by Shri D.H. Patel. He started his session by reminding the audience about the four Ms of industry i.e man, machine, money and material. He opined that as man is the most integral input, his safety is the foremost thing. He said that as the need for safety arises, so does the need for safety legislation. His talk mainly revolved around the health and safety legislations.



## સ્પર્ધા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આંતર કોલેજ વોલીબોલ (ભાઈઓ)ની 'એ' ઝોન સ્પર્ધા તા. ૧૨-૧૨-૧૧ અને ૧૩-૧૨-૧૧ દરમ્યાન અંબાબા કોમર્સ કોલેજમાં યોજાઈ હતી. જેમાં ૨૫ કોલેજોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં આંકડાશાસ્ત્ર વિભાગના સવસવિયા નિતીનકુમાર હિંમતભાઈની પસંદગી કરવામાં આવી છે. તદ્પરાંત યુનિવર્સિટી ઈન્ટર ઝોન વોલીબોલ સ્પર્ધા ૧૬-૧૨-૧૧ના રોજ આર્ટસ, સાયન્સ કોમર્સ કોલેજ, ખોલવાડ ખાતે યોજાઈ હતી. જેમાં પણ સવસવિયા નિતીનકુમાર હિંમતભાઈનું સિલેકશન રાષ્ટ્રીય સીનીયર ગુજરાત સ્ટેટ વોલીબોલ એસોસીયેશન દ્વારા ઓલ ઈન્ડિયા વોલીબોલ ચેમ્પીયનશીપ માટે પસંદ કરવામાં આવેલ છે.

## G-SLET

યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ કુ.અરૂણાબેન સોલંકી, શ્રી દિલાવરખાન પઠાણ અને શ્રી મહેન્દ્ર વાછાણી તથા ગણેશ એસ. પટેલે ઓકટોબર-નવેમ્બર ૨૦૧૧માં લેવાયેલ 'G-SLET' ઉત્તિર્ણ કરેલ છે. અભિનંદન.

# કોલેજ ન્યૂઝ

## સ્પર્ધા

સર કે.પી. કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૬-૧૧ થી ૧૨-૧૧ દરમ્યાન કેરિયર ગાઈડન્સ કમિટિ અને કોર્પોરેટ ટ્રેઈનીંગ ઈન્સ્ટીટયુટ, સુરતના ઉપક્રમે સ્પર્ધાત્મક પરીક્ષાઓના માર્ગદર્શન માટે મફત તાલીમવર્ગનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૨-૧૨-૧૧ના રોજ યોજાયેલ ઈન્ટર કોલેજ કાવ્ય પઠન સ્પર્ધામાં પ્રથમ-કુ. પલક બી. શાહ (સર કે.પી. કોમર્સ કોલેજ, સુરત), દ્વિતીય-કુ. અવનિકા દેવાની (જે.ડી. ગાબાણી કોલેજ, સુરત), તૃતીય-જનક એન. વાઘેલા (એસ.વી.પટેલ કોલેજ), આશ્વાસન-કુ. વ્યોમા આહીર (સર પી.ટી. સાયન્સ કોલેજ, સુરત) તથા ઈન્ટસ્ટન્ટ કવીઝ વિનર કુ. ગામીત ભાવના એસ. (શ્રી મોરારજી દેસાઈ આર્ટસ-કોમર્સ કોલેજ, બુહારી) વિજેતા જાહેર થયા હતા. તા. ૨૩-૧૨-૧૧ના રોજ યોજાયેલ ઈન્ટર કોલેજ વેસ્ટમાંથી બેસ્ટ સ્પર્ધામાં પ્રથમ-કુ. વિહંગ એસ. નાયક (એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા), દ્વિતીય-કુ.જીનલ બી. પટેલ (સી.ડી. બરફીવાલા કોલેજ, સુરત), તૃતીય-રાકેશ ધોધારી (નવયુગ કોમર્સ કોલેજ, સુરત), આશ્વાસન-કિશન એન. સોલંકી (વિવેકાનંદ કોલજ ફોર બી.બી.એ., સુરત) અને કુ. પિન્કી અગ્રવાલ (ડી.આર.બી. કોલેજ, ભરથાણા) વિજેતા રહયા હતા. સર્જનાત્મક કામગીરી સ્પર્ધામાં પ્રથમ-કુ. મૈગી એસ. નાયક (એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા), દ્વિતીય-ભાવીની એ. પટેલ (આર્ટસ-કોમર્સ કોલેજ, ચીખલી), તૃતીય-શ્યામ વી. હળપતિ (કે.પી. કોમર્સ કોલેજ, સુરત), આશ્વાસન-સાગર એ. ગાંધી (એસ.પી. બી. ગાર્ડા કોલેજ, અને વિહંગી એ. નાયક (એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરા) વિજેતા રહયા હતા. ઈન્સ્ટન્ટ કવીઝ વિનર સ્પર્ધામાં વિહંગી એ. નાયક અને કુ. મૈગી એસ. નાયક સંયુકત વિજેતા થયા હતા. તા. ૨૯-૧૨-૧૧ના રોજ યોજાયેલ પુસ્તક સમીક્ષા સ્પર્ધામાં પ્રથમ-ગંગેશકુમાર વલવી તથા એશ્મા કડીવાલા, દ્વિતીય-ક્રિષ્ણા વિરડીયા, તૃતીય-રજનેશ રાણા વિજેતા રહયા હતા. આ સમગ્ર સ્પર્ધાઓ પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈના માર્ગદર્શન અને પ્રોત્સાહન થકી સફળતાપૂર્વક પાર પાડી હતી.



તા. ૨૨-૧૨-૧૧ના રોજ ઉધના એકેડેમી એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત, ઉધના સિટિઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ ઈન્ફરમેંશન ટેકનોલોજીના કોલેજની ટીમે (હિલ્યા સીધા અને સપના રાય) સાબરમતી રીવર ફ્ન્ટ, અમદાવાદ ખાતે યોજાયેલ રાજય કક્ષાના બીચ ખેલ મહાકુંભમાં પ્રથમ પ્રશસ્ય દેખાવ કરી રનર્સઅપ બની રોકડ ઈનામ રૂા. ૧૦,૫૦૦/- મેળવેલ હતા. આ સિધ્ધી માટે આચાર્યશ્રી ડૉ. એ.જી. મહેતા તરફથી વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

એસ.બી. ગાર્ડા આર્ટસ એન્ડ પી.કે. પટેલ કોલેજ ઓફ કોમર્સ કોલેજ, નવસારીમાં તા. ૧૭-૧-૨૦૧૨ના રોજ જર માદન ગીત ગઝલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. ડૉ. આશાબેન પટેલ તેમજ પ્રા. સી.આર. મકવાણાએ સેવા આપી હતી. પરિણામ : પટેલ સુરેશ આર., પટેલ કરિશ્મા જે. (પ્રથમ), રાઠોડ હેમાંગિની એન., જોષી ટવિંકલ પી. (દ્વિતીય), ટંડેલ રજનીકા એસ. (તૃતીય)

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.), સુરતમાં આચાર્યશ્રી નિહારિકાબેન પટેલ તથા પ્રા. જીજ્ઞેશભાઈ કંથારિયા માર્ગદર્શન હેઠળ સ્પોર્ટસ સમિતિના મંત્રી પટેલ ચેતન કુમારના સંચાલન હેઠળ રમતોત્સવ ઉજવવામાં આવ્યો હતો.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજ્યુકેશન, વેસુમાં પ્રજાસત્તાકદિન નિમિત્તે દેશભકિત ગીત સ્પર્ધા યોજાઈ. જેમાં પ્રથમ પટેલ રોશની અને સમૂહમાં મહેન્દ્ર સોલંકી, અંકિત ચૌધરી અને રાહુલ પટેલ વિજેતા બન્યા હતા.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ઈન્ટર કોલેજીએટ ડી-ઝોન ક્રિકેટની ટૂર્નામેન્ટની સેમિ ફાઈનલ મેચમાં વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટસ-સાયન્સ, બીલીમોરાએ નારણલાલા કોલેજ ઓફ સાયન્સને હરાવીને ફાઈનલમાં પ્રવેશી હતી.

તા. ૧૭-૧-૧૨ના રેજ સુરત શહેર અને જીલ્લાની સપ્તધારાની સ્પર્ધાઓ વિવિધ કોલેજમાં યોજવામાં આવી જેમાં જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીએ નીચે મુજબની કૃતિઓમાં ભાગ લઈ વિજેતા થઈ છે. એકપાત્રીય અભિનય બીજો ક્રમ-કુ. નિલમ કાળીદાસ મિસ્ત્રી, ગરબો-પ્રથમ ક્રમ, મિમિક્રિ : પ્રથમ ક્રમ-કુ.નિલમ મિસ્ત્રી, શ્રી ગુજરાતી મયુર એન, ડીબેટ : બીજો-રાવલ વિરલ એમ., ડીબેટ : ત્રીજો-કુ. નિકમ પુજા.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સ્વર્ણિમ ગુજરાત અન્વયે નવસારી ખાતે તા. ૧૨-૧૨-૧૧ના રોજ યોજાયેલ 'ખેલ મહાકુંભ'માં કંચન બી. રાઠોડે ગોળાફેંક અને ચક્રફેંક સ્પર્ધામાં ત્રીજો ક્રમ, સર કે.પી. કોમર્સ કોલેજ, સુરત ખાતે તા. ૨૨-૧૨-૧૧ના રોજ યોજાયેલ 'સર્જનાત્મક અભિવ્યકિત' સ્પર્ધામાં વિહંગી એસ. નાયકે 'વેસ્ટ આઉટ ઓફ બેસ્ટ' સ્પર્ધામાં પ્રથમ અને મૈત્રી એસ. નાયકે 'સર્જનાત્મક કામગીરીમાં પ્રથમ, તા. ૨૭-૧૨-૧૧તા રોજ કોલેજ ખાતે યોજાયેલ 'કાવ્યપઠન' સ્પર્ધામાં સંકેત પટેલે બીજો ક્રમ મેળવ્યો હતો. તદ્પરાંત 'જ્ઞાનધારા' અંતર્ગત તા. ૩૧-૧૨-૧૧ના રોજ નિબંધ, વકતૃત્વ તથા પુસ્તક પરીચય સમીક્ષા સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં ઈનામ અને પ્રમાણપત્ર વિતરણ સમારંભમાં નવસારી જિલ્લાના કો-ઓર્ડિનેટર પ્રિ. ડૉ. એચ.એન. વશી, ઉપસ્થિત રહયા હતા. વિવિધ સ્પર્ધાના નિર્ણાયકો તરીકે ડૉ. અતુલભાઈ પંડયા, ડૉ. મોહનભાઈ પટેલ તથા ડૉ. નલીનીબેન ગીલીટવાળા ઉપસ્થિત રહયા હતા.

શ્રીમતી તનુબેન અને ડૉ. મનુભાઈ ત્રિવેદી કોલેજ ઓફ ઈન્ફરમેશન સાયન્સ, સુરતમાં એચ.આઈ.વી. અને એઈડ્ઝ જાગૃકતા સંબંધિત Debate, Elocution, ad Poster Drawing સ્પર્ધા રેડ રીબન પ્રોગ્રામના સહયોગથી તા. ૧-૧૨-૧૧ના રોજ યોજાઈ ગઈ.

યુનિવર્સિટી ઈન્ટરકોલેજીએટ 'ડી-ઝોન' ક્રિકેટ ટુર્નામેન્ટની કવાર્ટર ફાઈનલ મેચ સરકારી દમણ કોલેજ વચ્ચે કોલેજ કેમ્પસ બીલીમોરા ખાતે રમાઈ હતી. જેનું ઉદ્દઘાટન ઓફ સ્પોર્ટસના સભ્ય પ્રિ. ડૉ. એમ.એન. વશીએ કર્યું હતું. વી.એસ. પટેલ કોલેજ વિજેતા બની સેમીફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો, તથા નવસારી જિલ્લાની કોલેજ સપ્તધારા અંતર્ગત ખેલકૂદ ધારામાં લાંબી કૂદમાં પ્રથમ-નિલય યુ. પટેલ, દ્વિતીય-મિત્તલ એસ. આહિર અને ઊંચી કૂદમાં પ્રથમ-જયવંતી જે. પટેલ વિજેતા રહયા હતા. આ સ્પર્ધા એમ.આર. દેસાઈ આર્ટસ કોલેજ, ચીખલીમાં યોજાઈ હતી. તદ્પરાંત યુનિવર્સિટીની હોકી (ભાઈઓ) ટીમ મધ્યપ્રદેશ સાગર જિલ્લામાં રમવા માટે ગઈ હતી. જેમાં આહિર પિંકલ, રજપૂત જીતેન્દ્ર, રજપૂત સંદિપ અને આહિર મનીષની પસંદગી થઈ હતી.

કોલેજ ઓફ એજ્યુકેશન, ખરોડના ઉપક્રમે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.એડ્. કોલેજો માટેની વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન થયું. જેમાં આચાર્ય ડૉ. પ્રફુલસિંહ રાજે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું અને સૌને આવકાર્યા હતા. ટ્રસ્ટીશ્રી ઐયુબભાઈ બાલાએ સ્પર્ધાનું ઉદ્દઘાટન કર્યું હતું. સ્પર્ધામાં આર.કે. દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન, વાપી ચેમ્પિયન બની હતી. જયારે એમિટી બી.એડ્. કોલેજ, ભરૂચ રનર્સ અપ બની હતી. સ્પર્ધાના શ્રેષ્ઠ ખેલાડીનું પારિતોષિક શ્રી પ્રિતલભાઈ પટેલને એનાયત થયું હતું.

ભગવાન મહાવીર કોલેજ ઓફ એજ્યુકેશન (એમ.એડ્.), સુરતના તાલીમાર્થી ગીરીશ સોલંકી દ્વારા લેખિત એકાંકી નાટક "ધર્મ સૂત્ર" વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ભજવાયું હતું, જેમાં એ જ નાટકની મુખ્ય અભિનેત્રી લ્યુસી ગોસ્વામીને "અનન્યા"ના પાત્ર માટે યુનિવર્સિટીના નાટકનો મુખ્ય એવોર્ડ ગણાય એવા ચં.ચી. મહેતા દ્વિતીય પારિતોષિકથી નવાજવામાં આવ્યા.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડની લાયબ્રેરી સમિતિના ઉપક્રમે આંતર કોલેજ પુસ્તક પરિચય સ્પર્ધા યોજાઈ. પ્રા. શ્રી એ.એન. ભટ્ટ સંચાલિત પુસ્તક પરિચય સ્પર્ધામાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન અઢાર કોલેજોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં પ્રથમ-કુ. ડીન્કી શાહ (બી.પી. બારીયા સાયન્સ કોલેજ, નવસારી), દ્વિતીય-શ્રી શિરીષ વસાવા (બી.એડ્. કોલેજ, બારડોલી), તૃતીય-કુ. શીતલ મોદી (બી.એડ્. કોલેજ, સર્વોદય શિક્ષણ, સુરત) વિજેતા જાહેર થયા હતા. સ્પર્ધાના નિર્ણાયક તરીકે જે.પી. શ્રોફ આર્ટસ કોલેજના નિવૃત્ત પ્રા. આર. ટી. માલી અને શ્રી દિલીપભાઈ ભટ્ટે સેવા અને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડયું હતું. લાયબ્રેરીયન શ્રી દેવાંગ પટેલે આભાર વિધિ કરી હતી.

સ્વર્ણિમ ગુજરાત અભિયાન અને નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાત હેઠળ વિવિધ કોલેજો દ્વારા જુદા જુદા પ્રકારની જે સ્પર્ધાઓ યોજાય તેમાં ઉધના કોલેજના વિદ્યાર્થીઓએ અનેરી સિદ્ધિઓ મેળવેલ છે. આંતર કોલેજ વોલીબોલ (ભાઈઓ) ઝોન-એ ટુર્નામેન્ટમાં કોલેજની ટીમ રનર્સઅપ બની, ખેલ-મહાકુંભ અંતર્ગત "બીચ વોલીબોલ" બહેનોની ટીમ ચેમ્પિયન બની તથા ભાઈઓની ટીમ રનર્સઅપ બની, ખેલ-મહાકુંભ અંતર્ગત "ટગ ઓફ વોર"માં ભાઈઓની ટીમ ઉધના ઝોનમાં રનર્સઅપ બની, ખેલ-મહાકુંભ અંતર્ગત "ટગ ઓફ વોર"માં બહેનોની ટીમ ઉધના ઝોન તથા સુરત જીલ્લામાં ચેમ્પિયન બની, ખેલ-મહાકુંભ અંતર્ગત "વોલી બોલ"માં બહેનોની ટીમ ઉધના ઝોનમાં ચેમ્પિયન બની, સ્વામી વિવેકાનંદ જન્મ જયંતી નિમિત્તે સાબરગામ કોલેજ દ્વારા આંતર કોલેજ વકતૃત્વ સ્પર્ધામાં પટેલ પ્રશાંત પી. ત્રીજા ક્રમે આવ્યો છે, નોલેજ કોન્સોર્શિયમ ઓફ ગુજરાત અંતર્ગત જીલ્લા કક્ષાની સપ્તધારાની વાદવિવાદ સ્પર્ધામાં કોઠારી ધર્મપાલ તથા શર્મા નિતેષ પ્રથમ ક્રમે આવ્યા છે, યુનિવર્સિટીમાં યોજાયેલ યુવક મહોત્સવમાં "બેસ્ટ આઉટ ઓફ વેસ્ટ" સ્પર્ધામાં કેતુલ બી. સેવક પ્રથમ ક્રમે આવ્યો છે. કે.સી.જી. અંતર્ગત જીલ્લાકક્ષાની સપ્તધારા સ્પધમાં "માટીકામ"માં આજ વિદ્યાર્થી પ્રથમ ક્રમે આવ્યો છે, નવસારી નારણલાલ કોલેજ દ્વારા આયોજિત આંતર કોલેજ મહેંદી સ્પર્ધામાં પીપલિયા મિતલ સી. બીજા ક્રમે આવી છે, સી.જે. વિદ્યાધામ કોમર્સ કોલેજ, વરિયાવ દ્વારા યોજાયેલ સ્લોગન સ્પર્ધામાં નરેન્દ્ર ગોંડલિયા આર. ત્રીજા ક્રમે આવ્યો છે.



યુનિવર્સિટી આંતર કોલેજ વેઈટ લીફટીંગ સ્પર્ધા તા. ૨૨-૧૨-૧૧ના રોજ વી.બી. શાહ કોમર્સ કોલેજ, અમરોલી મુકામે રમાઈ જેમાં નવયુગ કોમર્સ કોલેજ યુનિવર્સિટીમાં ચેમ્પીયન બની હતી.



તા. ૯ થી ૧૧ જાન્યુઆરી ૨૦૧૨ દરમ્યાન યુનિવર્સિટી ખાતે યોજાયેલ ઈન્ટર કોલેજ એથ્લેટિકસ મીટમાં સોની શ્રેયા એ ૧૦૦ મીટર, ૨૦૦ મીટર, હાઈ જમ્પ, લોંગ જમ્પ અને ટ્રીપલ જમ્પ, સાથે કુલ ૫ ગોલ્ડ મેડલ સાથે વ્યકિતગત વિજેતા થઈ અને ફાસ્ટેસ્ટ વુમન ઓફ ધ યરના નામ સાથે કોલેજનું નામ રોશન કર્યું હતું. આ ઉપરાંત ટ્રીપલ જમ્પમાં ૯.૯૧ મીટર નો લાંબો કુદકો લગાવી યુનિ. નો નવો રેકોર્ડ પ્રાસ્થાપિત કર્યો. ભીમાની વર્ષાએ ગોળા ફેંકમાં સિલ્વર મેડલ, વસાવા જીજ્ઞેશ ટ્રીપલ જમ્પમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો. જયારે ૪×૧૦૦ મી. બહેનોની ટીમે સિલ્વર મેડલ મેળવેલ.

## પરિસંવાદ



શ્રીમતી કુસુમબેન કડકીયા આર્ટ્સ અને કોમર્સ કોલેજ, અંકલેશ્વર તથા દક્ષિણ ગુજરાત ગુજરાતીનો અધ્યાપક સંઘના સંયુકત ઉપક્રમે ગુજરાતી વિષયના અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે પરિસંવાદ તા. ૩૧ મી ડિસેમ્બરના રોજ પરિસંવાદ યોજાયો હતો. જેમાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આર્ટ્સ વિભાગના ડીન ડૉ. જગદીશ ગૂર્જરે સ્વાગત પ્રવચન કર્યું. પરિસંવાદના વકતાઓ ડૉ. ચિનુ મોદી, ડૉ. ચૈતન્ય દેસાઈ તથા ડૉ. રાજેન્દ્ર મહેતાએ ગુજરાતી ભાષા સાહિત્યના વિષયે વિશદ છણાવટ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. વર્ષા પટેલે તથા આભાર દર્શન પ્રા. પવીણ પટેલે કર્યું. અધ્યાપક સંઘના ઉપપ્રમુખ પ્રા. મુદિતાબેને સંઘની પ્રવૃત્તિઓથી સૌને વાકેફ કર્યા હતા. આ કાર્યક્રમમાં રાજયસભાના સાંસદ શ્રી ભારતસિંહ પરમારની વિશેષ ઉપસ્થિતિ રહી.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં તા. ૧૦-૦૧-૧૧ના રોજ રચના એકેડેમી કેરિયર ઓફ એજયુકેશન, સુરતના પ્રતિનિધિઓ શ્રી દિનેશભાઈ પાટીલ અને પ્રો. આર. પી. હિમાનીએ TET અને TAT વિષયક તેમજ સરકારી નોકરીઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષા અંગેનું માર્ગદર્શન આપ્યુ. તાલીમાર્થીઓ સાથે ચર્ચા તથા પ્રશ્નોત્તરી યોજાઈ હતી. વકતાશ્રીનો આવકાર અને પરિચય આસિ. પ્રો. ભાવિનાબેન દેસાઈએ આપ્યો હતો તેમજ ઈ.ચા. આચાર્યા નયનાબેન ચૌહાણે આ અંગેનું આયોજન તેમજ આભાર વિધિ કરી હતી.

## વ્યાખ્યાન

સર કે.પી. કોમર્સ કોલેજ, સુરતમાં તા. ૨૪-૧૨-૧૧ના રોજ એડવોકેટ શ્રી શ્રેયશ દેસાઈનું ગ્રાહક અધિકાર દિન વિષય પર વ્યાખ્યાન યોજાઈ ગયું. આ પ્રસંગે વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી પણ કરવામાં આવી હતી. પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈએ પ્રસંગોચિત વ્યાખ્યાન આપ્યું હતું.

શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરા સંલગ્ન નિવૃત્ત પૂર્વ આચાર્યશ્રી ડૉ. દિનુભાઈ નાયક પ્રેરિત વ્યાખ્યાનમાળા અંતર્ગત એમિટી શૈક્ષણિક સંકુલના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી રણછોડભાઈ શાહનું તા. ૪-૧-૨૦૧૨ના રોજ વ્યાખ્યાન યોજાઈ ગયું. જેમાં તેમણે ક્ષણ...ક્ષણ... શિક્ષણ વિષય અંતર્ગત હકારાત્મક વલણને કાયમ રાખી ભાવિ શિક્ષકો માટે શિક્ષણની સુંદર સપ્તપદી આકર્ષક ઉદાહરણના સથવારે સ્પષ્ટ કરી હતી.

શિક્ષણ ભારતી કોલેજ ઓફ એજયુકેશન, સુરતમાં ઈંગ્લીશ કલબના ઉપક્રમે એમ.ટી.બી. આર્ટસ કોલેજ, સુરતના એસો. પ્રો. ડો. ચૈતન્ય દેસાઈએ "ગુરુનું ગુરુત્વાકર્ષણ" વિષય પર વ્યાખ્યાન આપ્યું હતું. તેમનું સ્વાગત ઈ.ચા. આચાર્યા નયનાબેન ચૌહાણ દ્વારા સ્મૃતિભેટ અને પુષ્પગુચ્છ આપીને કરવામાં આવ્યું.

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં કવિશ્રી સ્વ. ઉશનસ્‌ની સ્મૃતિ વંદનાનો કાર્યક્રમ ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપક્રમે પ્રિ. ડૉ. જે.એમ. નાયકના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. જેમાં કોલેજનાં પૂર્વ અધ્યાપિકા ડૉ. દક્ષાબેન વ્યાસ અને નવયુગ આર્ટસ કોલેજ, સુરતના પ્રિ. ડૉ. જયોતિબેન નાયકે વ્યાખ્યાનો આપ્યા હતા. આ વકતવ્યોમાં કવિ ઉશનસના જીવન-કવન વિષે વાત કરવામાં આવી હતી. ડૉ. મીના શાહે કવિના વ્યકિતત્વ અને કવિત્વનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. તદ્‌પરાંત પ્રિ. ડૉ. જે.એમ. નાયકે કવિને વલસાડના સપૂત ગણાવીને તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. એમ.કોમ.ના વિદ્યાર્થીઓ માટે તા. ૧૨-૧-૧૨ના રોજ નેટ અને સ્લેટ અંગે નવસારીની લક્ષ્ય એકેડેમીના ડિરેકટર ડૉ. જાગૃત જોષીનું વ્યાખ્યાન યોજાઈ ગયું. પ્રિ. ડૉ. જે.એમ. નાયકે વિદ્યાર્થીઓને પોતાના ભાવિ ઘડતર મોટ નેટ/સ્લેટ પરીક્ષાઓ બાબતે જાગૃત રહી પરીક્ષાની મલ્ટીપરપઝ તૈયારી કરવા માટે જણાવ્યું હતું. તદ્‌પરાંત મંબઈ, આઈ.આઈ.ટી.ના કો-ઓર્ડીનેટર શ્રી જનક સોનારે શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડમાં સોફટ સ્કીલ અંતર્ગત ઈન્ટરવ્યુ અપાય તે બાબત પર ભાર મૂકયો.

કોલેજ ઓફ એજયુકેશન, ખરોડ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતક કોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત કોલેજ ઓફ એજયુકેશન, દમણના આચાર્યશ્રી ડૉ. બાબુભાઈ એફ. ટંડેલે "વ્યકિતત્વ વિકાસ" વિષય પર વિચારો રજૂ કર્યા હતા. સારું વ્યકિતત્વ કોને કહેવાય અને તેને કેવી રીતે વિકસાવી શકાય એ અંગે એમણે રસપ્રદ ઉદાહરણો દ્વારા ખૂબ જ અસરકારક રજૂઆત કરી હતી અને સૌ શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. જીવનમાં હકારાત્મક અભિગમ કેળવવા પર એમણે વિશેષ ભાર મુકયો હતો.

તા. ૧૦-૧-૨૦૧૨ના રોજ શ્રી નર્મદા કોલેજ ઓફ એજયુકેશન માંગરોલ ખાતે ગૌરક્ષા અંગે વ્યાખ્યાનમાળા યોજાઈ. ડૉ. વિદિતાબાઈ મહાસતીજી અને કુશલભાઈ મહાસતીજીએ ગાયનું મહત્વ, ગાયના દૂધનું મહત્વ, ગૌમુત્રનું મહત્વ, ગૌમૂત્રનો ઉપયોગ તેમજ તેમાંથી બનતી આયુર્વેદિક દવાઓ વિશે તાલીમાર્થીઓને માહિતી આપી હતી.

જે.ઝેડ. શાહ આર્ટ્સ એન્ડ એચ.પી. દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં પ્રિ. ડૉ. યુ.ટી.દેસાઈનું કેરીયર ગાઈડન્સ પર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં તેમણે બી.કોમ. પછી અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

વી.એસ. પટેલ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સ, બીલીમોરાના ગુજરાતી વિભાગના ઉપક્રમે, 'શિક્ષણમાં આધ્યાત્મિકતા' એ વિષય ઉપર પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલય, માઉન્ટ આબુના રાજયાગિની બ્રહ્માકુમારી ઉર્મિલાબહેને વકતવ્ય આપ્યું. બી.કે. ઉર્મિલાબહેને વિદ્યાર્થીઓને અભ્યાસ તરફ ધ્યાન કેન્દ્રિત કરવા માટે ભારપૂર્વક જણાવ્યું.

## મુલાકાત

શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના વિદ્યાર્થીઓએ તા.૨૬-૧૨-૧૧ના રોજ સ્પીપા અને આઈ.આઈ.એમ., અમદાવાદની મુલાકાત લીધી હતી. યુથ રેડક્રોસ યુનિટના એકવીસ વિદ્યાર્થીઓએ સિનોર, જિ. વડોદરા ખાતે ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ આથોરીટીના નેજા હેઠળ બાર દિવસીય સ્પેશ્યલ ફલડ અને રેસ્કયુ શિબિરમાં ડિઝાસ્ટર મેનેજમેન્ટના પાસાઓ વિષે માહિતી મેળવી.

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજ, સુરતમાંથી ૭-૧-૧૨ના રોજ ડિસેબલ વેલફેર ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા ટ્રસ્ટ સંચાલિત વિકલાંગ શાળા, પીપલોદ, સુરત. સંસ્થાના સંચાલકશ્રી કનુભાઈ, આચાર્ય શ્રીમતી દિવ્યાબેન તેમજ સંસ્થાના સભ્યગણનું કોલેજના કાર્યકારી આચાર્ય શ્રી અરવિંદભાઈ ટાંકે પુષ્પગુચ્છથી અભિવાદન કર્યું. તાલીમાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી કનુભાઈએ તાલીમાર્થીઓને સંબોધ્યા હતા. તદ્પરાંત વિદ્યાર્થીઓએ સુમુલ ડેરીની મુલાકાત લઈને ઉત્પાદન અને વેચાણ વિષે માહિતી મેળવી હતી.

# વાચન વિશેષ

## પુસ્તક પરિચય

**યુગપ્રવર્તક પયગંબર સ્વામી વિવેકાનંદ.**
સ્વામી જિતાત્માનંદ. અનુ. : દુષ્યંતભાઈ ડી. પંડયા.
પ્રકાશક : રાજકોટ : શ્રીરામકૃષ્ણ આશ્રમ, ૧૯૯૮. પૃ.૧૮૬. રૂા. ૧૪.

સ્વામી જિતાત્માનંદના પુસ્તક Swami Vivekananda-Prophet and Pathfinder ની સુધારિત અને વર્ધિત ત્રીજી આવૃત્તિનો ગુજરાતી અનુવાદ આ પુસ્તક છે. ઉપર્યુકત અંગ્રેજી પુસ્તકની નવ પ્રકરણો સાથેની પ્રથમ આવૃત્તિ ૧૯૮૪માં પ્રકાશિત થઈ હતી. વધતા જતા ભૌતિકવાદ અને સાંપ્રદાયિક ઝનૂન તરફ ઢળતું અને સંસ્કૃતિની ભૂલભૂલામણીમાં ફસાયેલું આખું વિશ્વ સ્વામી વિવેકાનંદની વાણીમાં માનવ બચાવ માટેના માર્ગને વધુ ને વધુ સ્પષ્ટ થતો જોઈ રહયું છે. સમાજના પ્રત્યેક માનવમાં ભગવાન બુધ્ધ, ઈસુ ખ્રિસ્ત જેવા પયગંબર સમી મહોન્નત અવસ્થાએ પહોંચવા માટે, માનવજાતિનું ઉચ્ચત્તમ લક્ષ્ય-માનવના પૂર્ણત્વ પ્રાપ્તિ સુધીના માર્ગો પણ વિવેકાનંદની વાણીમાં સાંપડે છે.

આ પુસ્તક કુલ ચૌદ પ્રકરણોમાં વિભાજીત છે. સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતી આપણે હર્ષભેર ઉજવીએ છીએ ત્યારે આ પુસ્તકનું વાચન આપણને સ્વામી વિવેકાનંદના જીવનમાં મૂર્તિમંત થયેલા વિશ્વાત્માના આ સંગીતને અને, માનવ પ્રશ્નોના એના વિવિધ ઉત્તરોને સમજવા માટે વધુ ઉપયોગી છે.

પુસ્તકમાં ઠેર ઠેર દેશ-વિદેશના વિધ્વાનો અને સ્વામીના અનુયાયીઓના અવતરણો સંદર્ભ સહિત જોવા મળે છે. સ્વામી વિવેકાનંદના જીવન-કવન વિષે સંશોધનમાં રસ ધરાવતા અને અન્ય ભાવિકજનો માટે આ ગ્રંથ અતિ ઉપયોગી છે. આ ગ્રંથમાં પ્રત્યેક પાના ઉપર દર્શાવવામાં આવેલ સંદર્ભોને પુસ્તકના છેલ્લા બાર પૃષ્ઠોમાં સમાવેશ કરવામાં આવેલ છે. જે આ ગ્રંથમાં સમાવેશ પામેલ વિચારોને અધિકૃતતા બક્ષે છે.

''પોતાના રાજવી શિષ્ય ખેતડીના રાજાનો મહેલ છોડયા પછી, ત્રણ દહાડા સુધી એ રેલ્વે પ્લેટફોર્મ પર પડયા રહયા. ત્યાં તેમનું ધ્યાન રાખનાર કોઈ ન હતું તેમ કશું આપનાર પણ કોઈ ન હતું. આખરે એક અત્યંજ ત્યાં આવ્યો અને, દેવદૂતની માફક, એણે સ્વામીજીને ખવરાવ્યું. આ શુદ્ કહેવાતા લોકોનો એ હંમેશા ખૂબ પક્ષ લેતા અને એમનો સહજ આદર કરતા. શિક્ષણ અને સમૃધ્ધિથી અલિપ્ત એમની ધીરજ, શકિત સરળતા અને તાત્વિક માનવીય ભાવના પર એમના સદા આશીર્વાદ વરસતા. ..અડયારનના દરિયાકાંઠે એક માછીમાર સ્ત્રીની પાછળ એના ભૂખ્યાં બાળકોને દોડતાં જતાં જોઈને એ પોકારી ઉઠયા : ' રે પ્રભુ ! તેં એમને શા માટે સર્જયા ! મારાથી આ સહયું જતું નથી.' ''ઉપેક્ષિતો અને લાચારો પ્રત્યેની કરુણતા સ્વામીજીના જીવનનો એક ભાગ હતો.

સ્વામી વિવેકાનંદ દર્શાવે છે કે ''મારે કદાચ ફરી જન્મ લેવો પડે કારણ, હું માનવીના પ્રેમમાં પડયો છું. ...મારા દેહમાંથી હું બહાર નીકળી જાઉં, જુના ઘરની માફક એને ત્યજી દઉં તેમ બને. પણ હું કાર્ય કરતો થંભીશ નહીં. પોતે ઈશ્વર સાથે એકરૂપ છે એમ જગત જાણે ત્યાં સુધી, લોકોને સર્વત્ર હું પ્રેરતો રહીશ.''

આ ગ્રંથ યુનિવર્સિટી ગ્રંથાલયના સ્વતંત્ર ગ્રંથસંગ્રહ 'સ્વામી વિવેકાનંદ સાહિત્ય કોર્નર'માં ઉપલબ્ધ છે. આ ગ્રંથ પ્રત્યેક ભારતીયના ઘરમાં હોવો જોઈએ અને તેનું વાચન પણ થવું જોઈએ.

ડૉ. બી.જે. અંકુયા, ઈન્ચાર્જ યુનિવર્સિટી લાઈબ્રેરિઅન

VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**
Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**
**Published by : J R Mehta, Registrar**
Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com